

# વલસાડમાં ગેસલાઈન તૂટી, તંત્ર વામણું સાબિત થયું

**સેગવી** જતા રસ્તે બુલડોઝર ચાલુ હતું તેવામાં ગેસની લાઇન તૂટી, ગેસના ફૂવારા ઉડ્યા:લોકો ભયભીત

વલસાડઃ વલસાડના વશીયર વાંકી નદી પાસેથી સેગવી તરફ જતા માર્ગ પર પંચાયતની ઘોર બેદરકારી સામે આવી છે. પંચાયત દ્વારા બુલડોઝર (જેસીબી) વડે રસ્તા પર કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. દરમિયાન અહીંથી પસાર થયેલ મુખ્ય ગેસ પાઈપલાઈનમાં મોટું ભંગાણ પડ્યું હતું. પાઈપલાઈન તૂટતાં જ ભારી માત્રામાં ગેસ લીકેજ થવા લાગ્યો હતો. જેના કારણે આસપાસના વિસ્તારમાં દોડધામ સાથે જ સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પરંતુ આશ્ચર્ય અને આક્રોશની વાત એ છે કે, ઘટનાની જાણ હોવા છતાં સ્થાનિક સરપંચ કે ગેસ એજન્સીના કોઈપણ જવાબદાર અધિકારી કલાક સુધી ઘટનાસ્થળે ફરક્યા પણ નહોતાં. ગેસ સતત હવામાં ફેલાઈ રહ્યો હોવા છતાં તંત્ર દ્વારા તાત્કાલિક કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતાં.

# વાપી સહિત નવ મનપાને સરકારી જમીન ફાળવાશે

**મુખ્યમંત્રીના** નિર્ણયથી નવી રચાયેલી 9 મહાનગરપાલિકામાં વિકાસ કાર્યોને વેગ મળશે

વલસાડઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓને મજબૂત બનાવીને નાગરિકોને ઝડપી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર રાજ્યની વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર એમ નવી રચાયેલી કુલ 9 મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતની વિવિધ 11 જેટલી આવશ્યક નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

આ મહાનગરપાલિકાઓ અગાઉની “અ”વર્ગની નગરપાલિકાઓમાંથી નવી મહાનગરપાલિકા બનેલી છે અને તેનો હાલ ટ્રાન્ઝિશન ફેઈઝ ચાલે છે. એટલું જ નહીં, નવી મહાનગરપાલિકાઓની હદમાં પણ મોટો વિસ્તાર ઉમેરાયો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ નવી મહાનગરપાલિકાઓમાં સર્વાંગી વિકાસ કામો ઝડપથી થઈ શકે તે હેતુસર જિલ્લા કક્ષાએ જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ બનાવવાનો અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી મહાનગરપાલિકાઓને નાગરિક સુખાકારી માટે જે 11 મહત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે વિનામૂલ્યે જમીન ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે તેમાં નગર સેવા સદન (કચેરી મકાન), ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP), ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પંપિંગ સ્ટેશન, વૉટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો), સૉલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ, સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી (વરસાદી પાણીના નિકાલ માટે), બાલવાડી (આંગણવાડી) તેમજ ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે.

## વાપી છીરીમાં ગાંજા અને તમંચા પ્રકરણમાં વૉન્ટેડ પકડાયો

વાપીઃ વાપી નજીકના છીરી, વડિયાવાડ, કેયુર નવનીતભાઈ પટેલની ચાલીમાં એલસીબીએ રેઈડ કરી રૂમમાંથી ગાંજો 12.259 કિલોગ્રામ (કિંમત 6,12,950 તથા દેશી તમંચા સાથે પીન્ટુ ભગત સત્યનારાયણ ભગત જયસ્વાલ (ઉ.વ.31) અને ત્રિપુરારીકુમાર હૃદયનારાયણ યાદવ (ઉ.વ.28, બંને મૂળ ઝારખંડ)ને ઝડપી પાડયા હતાં. જયારે ચાલીમાલિક કેયુર પટેલ (રહે. છીરી) તથા જથ્થો આપનારા કલીમ ઉર્ફે હકલા અલીમુદ્દીન સૈયદ, લલનકુમાર સત્યનારાયણ ભગત અને વિશાલ (તમામ રહે. છીરી-વાપી)ને વૉન્ટેડ બતાવ્યા હતા. આ પ્રકરણમાં એસઓજી ટીમે ચોક્કસ બાતમી આધારે વૉન્ટેડ વિશાલ જીપુ ગંજુ (ઉ.વ.25, રહે. વડિયાવાડ નાકા, કોચરવા સ્થિત ચાલીમાં, મૂળ દહાણું, મહારાષ્ટ્ર) ને ઝડપી પાડયો હતો.

# બે વર્ષની બાળકી ખ્યાનાએ 5 સેકન્ડમાં સૌરમંડળ બોલી ઈતિહાસ રચ્યો

**ઈન્ડિયા** બૂક ઓફ રેકોર્ડ્સમાં મેળવ્યું ગૌરવપૂર્ણ સ્થાન, IBR એચીવરનું બહુમાન પ્રાપ્ત થયું



વલસાડઃ કહેવાય છે કે ઉંમર માત્ર એક આંકડો છે અને જો અસાધારણ બુદ્ધિ પ્રતિભા હોય તો નાનપણમાં પણ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડી શકાય છે. વલસાડના તિથલ રોડ પર આવેલા પાલિહીલ વિસ્તારમાં રહેતી માત્ર ૨ વર્ષ અને ૨ મહિનાની નાનકડી બાળકી ખ્યાના સોહમ પટેલે આ વાતને અક્ષરશઃ સાબિત કરી બતાવી છે. આ નાની દીકરીએ પોતાની અદભુત અને તીવ્ર યાદ શક્તિના જોરે પ્રતિષ્ઠિત ‘ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ ૨૦૨૬માં પોતાનું સ્થાન સુરક્ષિત કરીને સમગ્ર વલસાડ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

આ ઉંમરે નાનકડી ખ્યાનાએ સમગ્ર સૌર મંડળના જટિલ ગ્રહો વિશે અદભૂત જ્ઞાન મેળવી લીધું છે. ખ્યાનાએ આંખના પલકારામાં એટલે કે માત્ર ૫ સેકન્ડથી પણ ઓછા સમયમાં સૌરમંડળના તમામ ૮ ગ્રહોના નામ બિલકુલ યોગ્ય અને સચોટ ક્રમમાં વાંચી તથા બોલી બતાવ્યા હતાં. ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સના ઈતિહાસમાં આટલી નાની ઉંમરે આ પ્રકારે વીજળીક ઝડપે રેકોર્ડ નોંધાયો હોય તેવી આ પ્રથમ અનોખી ઘટના છે.

તેની આ અસાધારણ યાદશક્તિ અને બૌદ્ધિક કૌશલ્યને ધ્યાનમાં રાખીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સત્તાવાર રીતે તેને IBR એચીવર (IBR Achiever)નું ગૌરવપૂર્ણ બિરુદ એનાયત કરવામાં આવ્યું હતું.

બાળકી ખ્યાનાને વારસામાં જ બૌદ્ધિક સમૃદ્ધિ મળી છે કારણ કે તેના માતા-પિતા બંને તબીબી ક્ષેત્રે ખૂબ જ જાણીતું નામ છે, પિતા ડૉ. સોહમ કલ્પેશ પટેલ, જેઓ વલસાડ અને વાપી ખાતે ન્યૂરો સર્જન તરીકે ફરજ બજાવે છે જ્યારે માતા ડૉ. રુચિ સોહમ પટેલ (શાહ), જેઓ વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં ગાયનોકોલોજીસ્ટ તરીકે સેવારત રહીને લોકોની સેવા કરી રહ્યાં છે.

આ તબીબ દંપતીએ પોતાના વ્યસ્ત સમયપત્રક વચ્ચે પણ પુત્રીના આંતરિક કૌશલ્યોને ઓળખી તેને સાચું માર્ગદર્શન આપ્યું છે, જેના કારણે આજે આ નાની ઉંમરે ખ્યાનાએ રાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધિ હાંસલ કરી છે.

# પારડી રેલવે યાર્ડમાં ભીષણ આગ ફાટી નીકળતાં દોડધામ

**ગેસ** કટિંગ દરમિયાન નીકળેલા તણખલા ડીઝલ ટેન્ક પર પડતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું



અમૃત પટેલ

પારડીઃ પારડી રેલવે સ્ટેશન પાસે આવેલ રેલવે યાર્ડમાં ટ્રેનના ડબ્બા કટિંગ કરવાની કામગીરી દરમિયાન અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટના અંગે તાત્કાલિક પારડી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

પારડી રેલવે યાર્ડમાં જૂની ટ્રેનોના કટિંગનું કામ ચાલી રહ્યું હતું. ગેસ કટિંગ દરમિયાન નીકળેલા તણખલા નજીકમાં રાખવામાં આવેલી ડીઝલ ટેન્ક પર પડતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની ઘટનાને પગલે રેલવે વિભાગ અને સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ પારડી નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ અંગે ફાયર જવાને જણાવ્યું કે, ફાયર વિભાગ દ્વારા એક મિની ફાઇટર અને મોટો વોટર બાઉઝર સહિત બે ગાડીઓ સાથે પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતાં વલસાડ ફાયરની ટીમને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. હાલમાં આગ સંપૂર્ણપણે કાબૂમાં છે અને સદનસીબે કોઈ જાનહાનિના સમાચાર નથી. રેલવે અને સ્થાનિક વહીવટી તંત્રે ઘટના અંગે આગળની તપાસ હાથ ધરી છે.

# દમણ-દીવના વિકાસને હવે નવી ગતિ પ્રાપ્ત થશે

**કોસ્ટલ** ઝોન મેનેજમેન્ટ પ્લાન (MZMP ) 2019ને કેન્દ્ર સરકારે સત્તાવાર રીતે અમલમાં મૂકતાં વિકાસનાં કામોનો માર્ગ મોકળો બનશે: સાંસદ

દમણઃ સંઘપ્રદેશ દમણ અને દીવના લાંબા સમયથી પ્રલંબિત રહેલા કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ( CZMP ) 2019ને કેન્દ્ર સરકારે સત્તાવર રીતે અમલમાં મૂકતાં હવે પ્રદેશના વિકાસ માટેનો મહત્વપૂર્ણ માર્ગ મોકળો બનવા પામશે. જે બદલ પ્રદેશના સાંસદ ઉમેશભાઈ પટેલે કેન્દ્ર સરકાર તથા તેના સંબંધિત તમામ સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો છે. સાંસદે જણાવ્યું કે, વર્ષો સુધી અમલમાં રહેલા CZMP - 2011ના કારણે અનેક વિસ્તારના મકાન બાંધકામ, જાહેર સુવિધાઓ, પર્યટન, મત્સ્ય ઉદ્યોગો અને અન્ય વિકાસકાર્યોમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થવા પામતી હતી. આ માટે અનેકોવાર સ્થાનિક નાગરિકો, જમીન માલિકો, વેપારી ભાઈઓ તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા આ મુદ્દાને સમયાંતરે ઉઠાવવામાં આવતો હતો. અને આજ મુદ્દાઓને લઈને સાંસદે કેન્દ્ર સરકાર સમક્ષ સતત રજૂઆતો પણ કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું કે, હવે CZMP - 2019 લાગુ થતાં વર્ષ 2011ની યોજનાની સરખામણીએ આ વધુ વ્યવહારૂ અને વિકાસલક્ષી જોગવાઈઓ અમલમાં આવશે. જેના કારણે આવાસ, માળખાગત સુવિધાઓ, જાહેર સેવાઓ, પર્યટન તેમજ સ્થાનિક અને આર્થિક પ્રવૃત્તિને નવો વેગ મળશે. સાથે વિકાસના નવા અવસર પણ ઊભા થશે. આગામી સમયમાં સમગ્ર દમણને CRZ-IIની કેટેગરીમાં સમાવવા તેમજ દીવને સત્તાવાર રીતે આઈલેન્ડનો દરજ્જો આપવામાં આવે તેવો કેન્દ્ર સરકાર હકારાત્મક અભિગમ અપનાવે તેવી સાંસદે આશા વ્યક્ત કરી છે. દમણ પ્રશાસની સાથે સ્ટેટ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી, નેશનલ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી સહિત અન્ય સહયોગ આપનાર અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પારડી પાલિકાની સામાન્ય સભામાં ભાજપ જ વિરોધપક્ષની ભૂમિકામાં

**શાસકપક્ષના** દંડક તેમજ મહિલા સભ્ય દ્વારા પ્રશ્નો ઉઠવ્યા: ભાજપ-કોંગ્રેસ વચ્ચે ઉગ્ર ચર્ચા થતાં સમય માટે બેઠક ગરમાઈ હતી





અમૃત પટેલ

પારડીઃ પારડી નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે સવારે ૧૧:૩૦ કલાકે નગરપાલિકાના પ્રમુખ ચેતન નાયકા અને ચીફ ઓફિસર કોમલબેનના અધ્યક્ષ સ્થાને મળી હતી. કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવ દેસાઈ, ટાઉન પ્લાનિંગ ચેરમેન શિરીષ પટેલ, આરોગ્ય સમિતિના ચેરમેન કિરણ પટેલ, વોટરવર્કસના ચેરમેન જીગ્નેશ પટેલ, વિરોધ પક્ષના નેતા બિપીન પટેલ તથા ભાજપ કોંગ્રેસના સભ્યો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં મળી હતી. આ સભા દરમિયાન પારડી શહેરના વિકાસલક્ષી કાર્યો તેમજ લોકો દ્વારા આવતી વિવિધ ફરિયાદોના નિવારણ માટેના મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સભામાં મુખ્યત્વે ગત સામાન્ય સભા અને કારોબારી સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી, તેમજ સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલી અરજીઓ અને પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સભામાં પ્રિમોન્સુનની કામગીરી, ડ્રેનેજ, ડમ્પિંગ સાઈડ પર લાખોના મશીનો બંધ પડ્યા મુદ્દે ભાજપ-કોંગ્રેસના સભ્યોએ સવાલો કરતા સભા ગરમાઈ હતી.

સભામાં વિરોધ પક્ષના નેતા કોંગ્રેસના બીપીન પટેલે ગત સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવેલ હિસાબો બાબતે ખુલાસો માંગ્યો હતો અને રૂપિયા 20 કરોડના કામો અંગે જાણકારી આપવા જણાવ્યું હતું. જેના જવાબમાં ચીફ ઓફિસર કોમલબેને તમામ જાણકારી આપવા માટે કહ્યું હતું. બીપીન પટેલે ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની સભાખંડમાં તકતી અને ભગવાન બિરસા મુંડા સર્કલના નિર્માણ ન થયું હોય જેથી તાત્કાલિક કરવા માંગણી કરી હતી.

પારડી શહેરમાં સાફ-સફાઈ કરવા મુદ્દે કોંગ્રેસના વોર્ડ નંબર ત્રણના સભ્ય પરવેઝ તાઈએ રજૂઆત કરી હતી. ડમ્પિંગ સાઈડ કચરા નિકાલ કરવા માટે મૂકવામાં આવેલ મશીનો રૂ. 60 લાખના ખર્ચે મંગાવવામાં આવ્યા તે બંધ પડ્યા છે. એનો કોઈ ઉપયોગ થયો નથી જેના જવાબમાં ચીફ ઓફિસર કોમલબેને કહ્યું હતું કે, એજન્સીને કામ આપ્યું છે અને એજન્સી સારું કામ ન કરશે તો એને બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

## કપરાડા તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો બિનહરીફ

વલસાડઃ કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે બિપિન પટેલ અને ઉપપ્રમુખ તરીકે જીવણભાઈ ગાયકવાડની બિનહરીફ વરણી થઈ છે. 18 જુલાઈએ યોજાનારી ચૂંટણી અગાઉ શિક્ષકોની એકતા સામે આવી છે. શિક્ષકોએ સામૂહિક રીતે નિર્ણય લઈ ચૂંટણીને ટાળી પ્રમુખ સહિત તમામ હોદેદારોની બિનહરીફ વરણી કરી છે. કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘના પ્રમુખ તરીકે બિપીનભાઈ ઠાકોરભાઈ પટેલ, મહામંત્રી તરીકે આનંદભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે જીવણભાઈ ગાયકવાડ, ખજાનચી તરીકે ગણેશભાઈ પટેલ, સહમંત્રી તરીકે નરેશભાઈ નીકુળીયાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. નોંધનીય છેકે, કપરાડા તાલુકાની રચના બાદ પ્રથમવાર કપરાડા તાલુકાના શિક્ષકોએ એકતા દર્શાવી પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણી ટાળી હોદેદારોની બિનહરીફ વરણી કરાઈ છે. નવા પ્રમુખ બિપિન પટેલે આવનારા સમયમાં શિક્ષકોની તમામ સમસ્યાઓ નિવારવા ટીમ પ્રયાસો કરશે તેમ જણાવ્યું હતું.

# વલસાડમાં સફાઇ અભિયાન શરૂ

**જાહેરમાં** કચરો સળગાવી પ્રદૂષણને નુકસાન પહોંચાડનારા સામે આકરાં પગલાં લેવાયાં

વલસાડઃ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને ઘનકચરા વ્યવસ્થાપનના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા એક સંયુક્ત ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. કલેક્ટર નીતિન સાગવાણ, આસિસ્ટન્ટ કલેક્ટર, પ્રાંત અધિકારી, ચીફ ઓફિસર તેમજ વલસાડ નગરપાલિકાના આરોગ્ય ચેરમેનની આગેવાની હેઠળ નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ વલસાડ અબ્રામા તથા બજારમાં સઘન તપાસ હાથ ધરી હતી. આ વિશેષ ઝુંબેશ દરમિયાન સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનારી સંસ્થાઓ અને વ્યક્તિઓ સામે કડક દંડાત્મક પગલાં લેવામાં આવ્યા હતાં. ખાસ કરીને જાહેરમાં કચરો સળગાવી પર્યાવરણને નુકસાન પહોંચાડવાના ગંભીર નિયમભંગ બદલ નગરપાલિકા દ્વારા આકરો આર્થિક દંડ ફટકારવામાં આવ્યો હતો.

વલસાડ નગરપાલિકા દ્વારા તમામ વેપારીઓ અને નાગરિકોને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૯૨ અને કલમ-૧૮૫ હેઠળ પોતાના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા, કચરાનું નિયમ મુજબ ભીનો-સૂકો અલગ કરી પૃથક્કરણ કરવા તેમજ ઘનકચરા વ્યવસ્થાપનના તમામ નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત બજારોમાં બિનજરૂરી દબાણો ન કરવા પણ તાકીદ કરાઈ છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ સતત ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. શહેરને સુંદર અને સ્વચ્છ રાખવામાં સૌ નાગરિકો સહકાર આપે તેવી અપીલ પાલિકાના અધિકારીઓએ કરી હતી.

# નાનાપોંઢા નજીક સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત

પારડીઃ પારડી તાલુકાના પંચલાઈ ગામે રહેતા પિંકલ પટેલ ગત રાત્રિના તેના મિત્ર નીલ અરવિંદભાઈ પટેલની ઈકો કાર લઈને વલસાડ રેલ્વે સ્ટેશન પર અન્ય સંબંધીઓને લેવા માટે ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે રાત્રિના આશરે એકાદ વાગ્યે પારડીના સુખેશ રામપોર સાંઈબાબા મંદિરની સામે પારડીથી નાનાપોંઢા જતા રોડ પર સામેથી પૂરઝડપે આવી રહેલી એક પિકઅપ ગાડી ચાલકે ઈકો કારને ટક્કર મારી દીધી હતી.

અકસ્માતમાં ઈકો કારમાં સવાર પિંકલ પટેલ (ઉ.વ.26)નું મૃત્યુ થયું હતું. જ્યારે કારમાં બેસેલા પાયલબેન, રીયાબેન અને સુહાનીબેનને પણ નાની-મોટી ઈજાઓ થઈ હતી. ઘટના બાદ અકસ્માત સર્જીને પિકઅપચાલક ગાડી ઘટના સ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપમાં KBS અને નટરાજ કોલેજ ગ્રેપલર્સે 14 મેડલ જીત્યા



વાપીઃ વાપી નજીકના ચણોદ કોલોની સ્થિત વાપીની KBS કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજે ૫ જુલાઈ ૨૦૨૬ના રોજ નવસારીની સર સી.જે.એન.ઝેડ. સ્કૂલમાં યોજાયેલી દ્વિતી ગુજરાત સ્ટેટ ગ્રેપલિંગ ચેમ્પિયનશિપ અને સિલેક્શન ૨૦૨૬માં પ્રભાવશાળી દેખાવ કરી ૧૪ મેડલ મેળવીને તેની રમતગમત સિદ્ધિઓમાં વધુ એક ગૌરવપૂર્ણ પ્રકરણ ઉમેર્યું છે. કોલેજના ખેલાડીઓએ નો-જી અને જી બંને કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રતિભા, નિશ્ચય અને શિસ્તનું પ્રદર્શન કર્યું, તેમના નોંધપાત્ર પ્રદર્શન માટે પ્રશંસા મેળવી. નો-જી કેટેગરીમાં, અનુરાગ મિશ્રા (ટી.વાય.બી.કોમ.) અને નીતિન દુબે (ટી.વાય.બી.કોમ.)એ ગોલ્ડ મેડલ જીત્યા, પ્રિયાંશુ સિંઘ (એસ.વાય.બી.કોમ.)એ સિલ્વર મેડલ જીત્યો, જ્યારે યશ પાટીલ (ટી.વાય.બી.કોમ.), નીરવ યાદવ (એસ.વાય.બી.કોમ.) અને તુષાર દુબે (ટી.વાય.બી.કોમ.)એ બ્રોન્ઝ મેડલ મેળવ્યા. જી- કેટેગરીમાં, અનુરાગ મિશ્રા અને નીતિન દુબેએ ફરી એકવાર ગોલ્ડ મેડલ જીત્યા. પ્રિયાંશુ સિંઘ, નીરવ યાદવ અને તુષાર દુબેએ સિલ્વર મેડલ જીત્યા, જ્યારે યશ પાટીલ, આદિત્ય સિંઘ (ટી.વાય.બી.કોમ.), અને ક્રિશ ચૌમાસા (એસ.વાય.બી.કોમ.) એ બ્રોન્ઝ મેડલ જીત્યા. રમતની તાલીમ, માર્ગદર્શન અને પ્રેરણા રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડો.મયુર પટેલ અને રોહિત સિંહ દ્વારા આપવામાં આવ્યું હતું. આમ રાજ્ય સ્તરે કોલેજનું નામ રોશન કરવા બદલ મેડલ વિજેતાઓને અભિનંદન આપતા, પ્રિન્સિપાલ ડો. પૂનમ બી. ચૌહાણે તેમના સમર્પણ, શિસ્ત અને ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી ભવિષ્યની સ્પર્ધાઓમાં તેમની સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

### વલસાડ ગુંદલાવ નજીક ખાડામાં મોપેડચાલક પટકાયો

વાપીઃ વલસાડ રૂરલ પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ બેચર રોડ સ્થિત મોરાજીની ચાલમાં અભિષેખ જયંતિલાલ પાંડે (ઉં.26) રહે છે. ઓફિસમાં સાથે કામ કરતો મિત્ર સૌરભ દુબે ઓફિસથી ઘરે મોપેડ લઈને જઈ રહ્યો હતો તે સમયે ગુંદલાવ દેસાઈ કન્ટ્રક્શનની સામે સર્વિસ માર્ગ પર ખાડો પડેલ હતો અને મોપેડનું સંતુલન ન રહેતા નીચે પડી ગયો હતો અને તે જ અરસામાં લક્ઝરી બસ પણ આવતી હતી અને તેનું ટાયર પેટના ભાગે લાગી જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ દ્વારા કસ્તુરબા હોસ્પિટલ ખસેડયો હતો. બસચાલક અનેશ જોગારામ (રહે. એમ.પી.) સામે વલસાડ રૂરલ પોલીસ મથકમાં અભિષેખે ફરિયાદ નોંધાવી હતી.

### મોબાઈલ સ્નેચીંગના ગુનામાં 9 વર્ષથી વોન્ટેડ બાળકિશોર પકડાયો

વાપીઃ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં વર્ષ 2018માં મોબાઈલ સ્નેચીંગની ફરિયાદ નોંધાયેલ હતી અને તે ગુનામાં સામેલ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર હોય જેને વલસાડ એલસીબી ટીમે વાપી વિસ્તારમાંથી શોધી કાઢયો હતો અને પૂછપરછ કરી હતી અને ત્યારબાદ તેની વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### પૂરમાં તણાયેલા તીસ્કરી તલાટના અજયભાઇ ગાંવિતના પરિવારને રૂ.4 લાખની સહાય અર્પણ



આસીફ શેખ

ધરમપુરઃ ધરમપુર તાલુકાના તીસ્કરી તલાટના અજયભાઈ ધીરૂભાઈ ગાંવિત પૂર દરમિયાન તણાઈ જવાની દુઃખદ ઘટનાના અનુસંધાને તેમના પરિવારને સરકાર તરફથી મળતી સહાય પેટે રૂ.4 લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન સતીષભાઈ ચૌધરી તાલુકાની ટીમ સાથે અજયભાઈના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને પરિવારજનોને સાંત્વના પાઠવી સહાયનો ચેક તેમના હસ્તે અર્પણ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ દુઃખની ઘડીમાં સમગ્ર તાલુકા પંચાયત પરિવાર પીડિત પરિવારની સાથે છે અને સરકાર તરફથી મળતી તમામ શક્ય સહાય સમયસર પહોંચાડવામાં આવશે. આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ રણજીતભાઈ, કારોબારી સમિતિના અધ્યક્ષ અશોકભાઈ દિવા, જિલ્લા પંચાયત સભ્ય ઉર્મિલાબેન ગણેશભાઈ બિરારી, ગણેશભાઈ દુર્લભભાઈ બિરારી, તીસ્કરી ગામના સરપંચ દિનેશભાઈ તેમજ ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ સૌરભભાઈ માહલા સહિત તાલુકા પંચાયતના આગેવાનો અને સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બગવાડા ટોલનાકા નજીકથી દારૂ ભરલો ટેમ્પો પકડાયો, 24 લાખનો મુદ્દામાલ જપ્ત

પારડીઃ વલસાડ એલ.સી.બી. ટીમને પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે મુંબઈથી સુરત તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર પારડીના બગવાડા ટોલનાકા પાસે પોલીસે વોચ ગોઠવીને એક શંકાસ્પદ આઇશર ટેમ્પોને આંતર્યો હતો. ટેમ્પોની તલાશી લેતા દારૂની કુલ ૧૫૦ બોક્સમાં ૭,૨૦૦ નંગ બોટલ, જેની કિંમત 13.86 લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રમેશકુમાર કાલુરામ સોનારામ બિશ્નોઈ (રહે. રાજસ્થાન)ને ઝડપી પાડ્યો હતો. જયારે પ્રોહીબીશનનો જથ્થો ભરી આપનાર રામા બિશ્નોઈ અને સંજય બિશ્નોઈ (બંને રહે. રાજસ્થાન)ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતાં. પોલીસે કુલ રૂ. 24.11 લાખનો મુદ્દામાલ કબ્જે કરી પારડી પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### ધરમપુરના ધામણીમાં મકાન તૂટવાથી મોતના કિસ્સામાં રૂ. 4 લાખની સહાય અપાઈ



ધરમપુરઃ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ધામણી ગામમાં ચરીપાડા ફળિયામાં રહેતા ધાકલભાઈ ધવલુભાઈ કેસરનું મકાન તા. ૦૩ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૨-૩૦ કલાકે ભારે વરસાદને કારણે તૂટી પડ્યું હતું. જેમાં દબાઈ જવાથી ધાકલભાઈનું મોત થયું હતું. આ મામલે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ કરી જરૂરી કાર્યવાહી આટોપી મૃતકના પત્ની કાકડુબેન ધાકલભાઈ કેસરેને નાણાકીય સહાય તરીકે રૂ. ચાર લાખનો ચેક ધરમપુર તાલુકા વિકાસ અધિકારી કૃષ્ણપાલ મકવાણા દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.